તા.૦૮/૦૯/૨૦૧૯

પ્રતિ,

તંત્રીશ્રી,

દૈનિક.................

**<u>રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પૂ. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે તેમના સિદ્ધાંતો અને સંદેશાઓના પ્રસાર અર્થે વિવિધ સુરક્ષા દળોની પોરબંદર-દિલ્હી સુધી યોજાયેલી સાઈકલ યાત્રાનું રાજકોટમાં સ્વાગત-સન્માન કરાયું : દેશભક્તિના ગીતોનું કાર્યક્રમ પણ યોજાયો</u>**




રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પૂ. મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે તેમના સિદ્ધાંતો અને સંદેશાઓના પ્રસાર અર્થે વિવિધ સુરક્ષા દળોની પોરબંદર-દિલ્હી સુધીની સાઈકલ યાત્રાનું આજે તા. ૮-૯-૨૦૧૯ના રોજ વિશ્વ વિખ્યાત મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે સ્વાગત અને સન્માન તેમજ દેશભક્તિના ગીતોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું દીપ પ્રાગટ્ય રાજકોટના ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ તથા મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે થયુ હતું. આ પ્રસંગે અધ્યક્ષ સ્થાને મેયર શ્રી બિનાબેન આચાર્ય ઉપસ્થિત રહયા હતાં.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી લાખાભાઈ સાગઠીયા, ડેપ્યુટી મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ઉદયભાઈ કાનગડ, શાસક પક્ષના દંડક શ્રી અજયભાઈ પરમાર તેમજ સુરક્ષા દળના કમાન્ડન્ટશ્રીઓ શ્રી આલોક ભૂષણ, શ્રી આર. સી. બીસરીયા, શ્રી એ.કે. તિવારી અને શ્રી અજય પ્રતાપસિંહ તેમજ ડેપ્યુટી કમિશનરશ્રીઓ શ્રી ચેતન ગણાત્રા અને શ્રી ચેતન નંદાણી, એ.એમ.સી. શ્રી એચ.આર.પટેલ તેમજ વિવિધ સુરક્ષા દળોના ૭૦૦ જેટલા જવાનો અને રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતાં.

ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલે આ પ્રસંગે એમ જણાવ્યું હતું કે, આપણા સૌનું એ સદભાગ્ય છે કે, પૂ. ગાંધી બાપુએ ભારતમાં જન્મ લીધો ને તેમણે સત્ય અને અહિંસાના મંત્ર અને સૂત્ર સાથે જગાવેલ વિરાટ આંદોલનથી ભારતને અંગ્રેજોની ગુલામીમાંથી આઝાદી મળી હતી. આ વૈશ્વિક મહામાનવ બાદ, આઝાદીના ૭૦ વર્ષ પછી આપણને એવા પ્રધાનમંત્રી મળ્યા છે કે જેમનો અવાજ પણ માત્ર ભારતમાં જ નહી પરંતુ સમગ્ર વિશ્વમાં પડઘાય છે. પૂ. ગાંધી બાપુ અને સરદાર પટેલની જોડી પછી છેક ૭૦ વર્ષ પછી આપણા દેશને એક એવી જોડી મળી છે જે દેશને આઝાદી પછીની આબાદી અને પ્રગતિ તરફ લઇ જાય. પૂ.મહાત્મા ગાંધી બાપુ સત્ય અને અહિંસા તેમજ સ્વચ્છતા જેવા આદર્શો સાથે જીવ્યા હતાં. માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પૂ. ગાંધી બાપુની ૧૫૦ મી જન્મ જયંતિની ઉજવણીના અવસરે પૂ. બાપુને આપણે સૌ શું ભેટ આપી શકીએ એ વિચારીને દેશમાં સ્વચ્છ ભારત મિશન હાથ ધર્યું હતું. આપણે સૌ ૨-ઓક્ટોબરે પૂ. બાપુને સ્વચ્છ ભારતની ભેટ આપીએ એ જ તેમણે સાચી અંજલિ ગણાશે.

આ અવસરે માન. મેયર શ્રી બિનાબેન આચાર્યએ તેમના વક્તવ્યમાં ઉપસ્થિત સુરક્ષા દળોના જવાનોને સમગ્ર રાજકોટ વતી આવકારતા એમ જણાવ્યું હતું કે, જેમના સિદ્ધાંતોનો સંદેશ લઈને પોરબંદરથી દિલ્હી સુધીની જે સાઈકલ યાત્રા યોજાઈ છે તે પો.. ગાંધી બાપુ આપ સૌ જ્યાં બેઠા છો એ આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ભણ્યા હતાં. આજે આ સ્કૂલ એક આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમમાં પરિવર્તિત થઇ ચુકી છે. આ સાઈકલ યાત્રાના માધ્યમથી સમગ્ર દેશમાં પૂ. ગાંધી બાપુના સિદ્ધાંતો સત્ય, અહિંસા અને સ્વચ્છતાનો સંદેશ તમામ દેશવાસી સુધી પહોંચશે એવી મને શ્રધ્ધા છે.

પૂ.મહાત્મા ગાંધી બાપુની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી અંતર્ગત વિવિધ સુરક્ષા દળો **BSF,CRF,SSP,** આસામ રાઈફલ, **NSG** તથા **SPG**ના કુલ ૭૦૦ અધિકારીઓ-જવાનો દ્વારા સ્વચ્છતા, અહિંસા અને નશાબંધીના સંદેશાઓના પ્રસાર અર્થે પોરબંદરથી દિલ્હી સુધી સાઈકલ યાત્રાનુ આયોજન કરવા આવેલ જેનું તા.૦૭/૦૯/૨૦૧૯ના રોજ પોરબંદર ખાતે પૂ.મહાત્મા મંદિરથી રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પ્રસ્થાન કરાવેલ. આ સાઈકલ યાત્રા આજે તા.૦૮/૦૯/૨૦૧૯ના રોજ સાંજે રાજકોટ પહોંચી હતી. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા યાત્રાનુ પૂ.મહાત્મા ગાંધી મ્યુઝીયમ ખાતે સ્વાગત સન્માન સાથે દેશભક્તિના કાર્યક્રમનું પણ આયોજન કરાયુ હતું.

બી.એસ.એફ. કમાન્ડન્ટ શ્રી એ.કે.તિવારીએ પ્રાસંગિક ઉદબોધનમાં એમ જણાવ્યું હતું કે, પૂ. ગાંધી બાપુએ જ્યાં શિક્ષણ લીધું એ ભૂમિને તેમજ સુરક્ષા દળોના ૭૦૦ જેટલા જવાનોનું જ્યાં સ્વાગત સન્માન થઇ રહયું છે તે રાજકોટ શહેર તથા રાજકોટ મહાનગરપાલિકાને વંદન કરૂ છું. આજે સુરક્ષા દળોના જવાનોને

કારણે દેશની તમામ સીમા સુરક્ષિત છે. ગઈકાલે તા.૭ના રોજ અમો પૂ. ગાંધી બાપુની જન્મ ભૂમિ પોરબંદરથી નીકળ્યા છીએ અને રાજસ્થાન અને હરિયાણા થઈને તા.૨-ઓક્ટોબરના રોજ ૧૭૦૦ કિલોમીટરની યાત્રા પુરી કરી નવી દિલ્હીમાં રાજઘાટ ખાતે પહોંચીશું. અમો સાઈકલ યાત્રા તથા પ્રચાર માધ્યમોના સાથસહકાર સાથે પૂ. ગાંધી બાપુના સિદ્ધાંતો સત્ય, અહિંસા અને સ્વચ્છતાનો સંદેશ ઘર ઘર પહોંચાડીશું. અમો અહી રાજકોટ પહોંચતા જ ઇન્દ્ર દેવે વરસાદ વરસાવી અમારૂ સ્વાગત કર્યું છે એ માટે તેમણે અમો વંદન કરીએ છીએ.સાથોસાથ આ કાર્યક્રમના આયોજન બદલ અમો રાજકોટ મહાનગરપાલિકા રાજકોટ શહેરનો આભાર માનીએ છીએ.

કાર્યક્રમના પ્રારંભે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ઉદયભાઈ કાનગડે સ્વાગત પ્રવચનમાં એમ જણાવ્યું હતું કે, પોરબંદરથી દિલ્હી સુધીની યાત્રા થકી પૂ. ગાંધી બાપુના સિદ્ધાંતોનો સંદેશ પ્રત્યેક નાગરિક સુધી પહોંચાડવા નીકળેલા સુરક્ષા દળોના જવાનોનું અહી રાજકોટ એટલે કે પૂ. ગાંધી બાપુએ જ્યાં અભ્યાસ કર્યો હતો એ ભૂમિમાં આપ સૌનું સ્વાગત છે. હું આ તકે એટલું ચોક્કસ કહીશ કે, આજે આપનો દેશ અને આપણે સૌ સુરક્ષા દળોના જવાનોને કારણે સુરક્ષિત છીએ. સુખ ચેનથી જીવી શકીએ છીએ. મને એ કહેતા ગર્વ થાય છે કે, આજે આપણા દેશના માન. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જબરદસ્ત નેતૃત્વ થકી પ્રત્યેક દેશવાસી અને સુરક્ષા દળોના તમામ જવાનોના માથા ગૌરવથી ઊંચા રહયા છે અને કોઈના શિર ઝૂકવા દીધા નથી. શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમની પ્રથમ ચૂંટણી રાજકોટથી લડ્યા હતાં. બીજું એ કે, રાજકોટ મહાનગરપાલિકામાં ૪૫ વર્ષમાંથી ૪૦ વર્ષ ભારતીય જનતા પાર્ટીનું શાસન રહયું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હાથમાં આપનો દેશ સુરક્ષિત છે તેની પ્રતીતિ આપણને સૌને થઇ રહી છે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રી બિનાબેન આચાર્ય, ડેપ્યુટી મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ઉદયભાઈ કાનગડ અને શાસક પક્ષના દંડક શ્રી અજયભાઈ પરમાર સાઈકલ યાત્રામાં સામેલ ૭૦૦ જેટલા જવાનોના અધિકારીશ્રીઓને સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી સુરક્ષા દળોનું સ્વાગત સન્માન કર્યું હતું. ત્યારબાદ ડેપ્યુટી કમિશનરશ્રીઓ શ્રી ચેતન ગણાત્રા અને શ્રી ચેતન નંદાણીએ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવોનું પુસ્તક વડે સ્વાગત કર્યું હતું. તેમજ ડેપ્યુટી મેયર શ્રી અશ્વિનભાઈ મોલીયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ઉદયભાઈ કાનગડ અને શાસક પક્ષના દંડક શ્રી અજયભાઈ પરમારે મંચ પર બિરાજમાન સુરક્ષા દળોના વરિષ્ઠ અધિકારીશ્રીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું.

આ કાર્યક્રમ બાદ વિખ્યાત સિંગર શ્રી બંકિમ પાઠકના સ્વર અને સંગીતકાર શ્રી પંકજ ભટ્ટના સંગીતના સૂરોના સથવારે દેશભક્તિના ગીતોનો કાર્યક્રમ ઉપસ્થિત જવાનોએ માન્યો હતો.

(પી.એ.ટુ મેયર)